# આતંકવાદીઓનું પેશાવરમાં પાશવી કૃત્ય



## પાકિસ્તાનની આર્મી સ્કૂલમાં આત્મઘાતી આતંકવાદીઓ ત્રાટક્યા : ત્રાસવાદીઓએ ૧૭૦ સ્કૂલી બાળકને ઠાર કર્યા : કલાકો સુધીના દિલધડક ઓપરેશન બાદ તમામ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારાયા : પાકિસ્તાન હચમચી ઉઠ્યું

પેશાવર,તા.૧૬

પાકિસ્તાનના પેશાવરમાં આજે આર્મી સ્કૂલમાં આતંકવાદીઓએ ભારે રક્તપાત સર્જીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત ૧૭૦થી વધુને મોતને ઘાટ ઉતારી દેતા સનસનાટી મચી ગઈ હતી. તાલિબાની ત્રાસવાદીઓએ પાકિસ્તાનની આર્મી સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર અને બોંબ બ્લાસ્ટ કરીને સ્કૂલી બાળકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ૧૭૦થી વધુ સ્કૂલી બાળકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સેનાએ ઓપરેશન પાર પાડીને તમામ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ આતંકવાદી હુમલામાં આશરે ૨૦૦થી વધુ વિદ્યાર્થી ઘાયલ થયા છે જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પેશાવરની હોસ્પિટલમાં ઇમરજન્સીની જાહેરાત કરવામાં આવી હતી. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, છથી આઠ જેટલા ત્રાસવાદીઓએ આ હત્યાકાંડ સર્જ્યો હતો. તમામ ત્રાસવાદીઓને મોડી સાંજે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. તાજેતરના સમયની આ સૌથી મોટો આતંકવાદી હુમલો હોવાનું જાણવા મળ્યું છે. વારસાક રોડ ઉપર સ્થિતિ સેનાની એક પબ્લિક સ્કૂલમાં કાળા વસ્ત્રોમાં આતંકવાદીઓ ઘુસી ગયા હતા

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૪ | ૧૭ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર ; માગશર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


તકની બારી ખૂલી જાય ત્યારે એના ઉપર પડદો ન નાંખશો

- ચીની કહેવત

# વાઈબ્રન્ટમાં બિલ ગેટસ ગાંધીનગરના મહેમાન



## સી.ઈ.ઓ. કોન્કલેવને અનુલક્ષી કમળ ના થીમ બેઈઝ ડેકોરેશન

ગાંધીનગર, તા.૧૬

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પ્રથમવાર યોજાનારી સીઈઓ કોન્કલેવમાં બિલ ગેટસ પણ હાજરી આપે તેવી સંભાવના છે. આ કોન્કલેવ પી.ડી.પી.યુ. ખાતે યોજવામાં આવનાર છે. જેને અનુલક્ષી કમળ આકારનું ભવ્ય સ્ટેજ અને ડેકોરેશન કરવામાં આવશે તેમ પણ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ધમાકેદાર અને ઐતિહાસિક બની રહેશે. વાઈબ્રન્ટ દરમિયાન પ્રથમવાર સી.ઈ.ઓ. કોન્કલેવ યોજવામાં આવનર છે. જેમાં વિશ્વની વિવિધ શ્રેષ્ઠ કંપનીના એમ.ડી. ઉપસ્થિત રહેશે. આ કોન્કલેવ દરમિયાન ૩૦૦ જેટલી વર્લ્ડ બેસ્ટ કંપનીના સી.ઈ.ઓ. વચ્ચે બેઠક યોજાશે. આ કોન્કલેવમાં બિલ ગેટસ પણ હાજરી આપે તેવી સંભાવના છે. બી ૩ બી અને બી ટુ જી બેઠકનો દૌર હાથ ધરાશે. આ દરમિયાન યુ.એન.ના જનરલ સેક્રેટરી બાનકીમુન પણ ઉપસ્થિત રહેશે. કોન્કલેવમાં ૮ દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાશે. જેમાં નેધરલેન્ડ, કેનેડા, યુ.કે., જાપાન, યુ.એસ., સિંગાપુર, ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિવિધ ૧૦૦ દેશોના ડેલીગટસ પણ ભાગ લેશે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હોવાથી મહેમાનોના સ્વાગત માટે પણ ભવ્ય તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગરને દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત કોન્કલેવને અનુલક્ષી પીડીપીયુ ખાતે પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કોન્કલેવ માટે કમળ આકારનું ધમાકેદાર સ્ટેજ તૈયાર કરવામાં આવશે તેમ પણ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# જિલ્લાના ૩૦૨ ગામમાં રેશનકાર્ડનું મેપિંગ આરંભાયું

ગાંધીનગર, તા.૧૬

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ અન્વયે ગાંધીનગર જિલ્લાના ૩૦૨ ગામમાં કુટુંબની સાચી ઓળખ નક્કી કરવા એસઈસીસી સર્વે આધારિત રેશનકાર્ડનું મેપિંગ અભિયાન તા. ૧૫ ડિસેમ્બરથી આરંભ કરવામાં આવેલ છે. પુરવઠા તંત્ર દ્વારા નિયત કરાયેલ ૧૦૦ કોમ્પ્યુટર ઓપરેટર ઘેર ઘેર ફરીને અંદાજિત બે લાખ ૯૮ હજારથી વધુ કુટુંબોની સર્વેની કામગીરી કરશે અને કુટુંબ પાસેથી પુરાવા રજૂ થતાં તેની ઈમેજ ઓનલાઈન અપલોડ કરશે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ ના કાયદાના અમલ અન્વયે ગાંધીનગર જિલ્લાના માન. કલેકટરશ્રી રવિશંકર સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા સદર મેપીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ગામડે ગામડે કોમ્પ્યુટર ઓપરેટર ઘરે ઘરે જઈને તમામ કુટુંબની પાસેથી રેશનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, ગેસ કનેકશન ચોપડી, મોબાઈલ નંબર, બેંક ખાતાની માહિતી, નરેગા કાર્ડ, બીપીએલ યાદી નંબર વિગેરે જેવા પુરાવા મેળવી તેના નંબરની નોંધણી કરશે અને તેને ઈમેલ ઓનલાઈન અપલોડ કરશે. રેશનકાર્ડના મેપીંગનું અભિયાન ૧૫મી ડિસેમ્બરથી ૧૫મી માર્ચ સુધી

● અનુસંધાન પાન-૭ પર

## આજની કેબિનેટની બેઠકમાં કૃષિ મેળાની સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા.૧૬

રાજય મંત્રી મંડળની આવતીકાલે મળનારી બેઠકમાં રાજયમાં પ્રથમ તબક્કામાં યોજયેલ કૃષિ કલ્યાણ મેળાની સફળતા અંગે સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજય સરકાર દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી અંગે માર્ગદર્શન આપવા અને વિવિધ કૃષિ સંલગ્ન યોજનાઓ અંતર્ગત લાભાર્થી ખેડૂતોને સહાયના ચેકોનું વિતરણ કરવા માટે બે તબક્કામાં કૃષિ કલ્યાણ મેળાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ તબક્કના કૃષિ કલ્યાણ મેળાઓ રાજયમાં ગત ૧૧મીથી ત્રણ દિવસ માટે યોજવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ દરમિયાન કેટલાક સ્થળોએ કપાસના ટેકાના ભાવને લઈને ખેડૂતો દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શનો પણ કરવામાં આવ્યા હતાં.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે મળનારી રાજય મંત્રી મંડળની બેઠકમાં પ્રથમ તબક્કામાં યોજાયેલ કૃષિ કલ્યાણ મેળાઓ દરમિયાન કેટલા ખેડૂતોને કેટલી સહાયના ચેકોનું વિતરણ કરાયું કેટલા ખેડુતોએ માર્ગદર્શન શિબિરમાં ભાગ લીધો અને કૃષિ કલ્યાણ મેળાઓ કેટલા સફળ રહ્યા એ અંગેની વિગતો મંત્રીઓ અને કૃષિ વિભાગના અધિકારીઓ પાસેથી મેળવીને સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા કપાસ પકવતા ખેડુતો માટે જાહેર કરવામાં આવલ પેકેજ અને ખેડૂતોને મળનાર લાભ અંગેની વિગતો આગામી ૧૮મીથી શરૂ થતાં બીજા તબક્કાના કૃષિ કલ્યાણ મેળાઓમાં ખેડુતો સુધી પહોંચાડવા મંત્રીઓને સૂચના આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# સે. ૧૭ના યુવાનના ખૂનકેસમાં ૮ને આજીવન

## વર્ષ ૨૦૧૧માં નવરાત્રી દરમિયાન નરેશ ઠાકોરને માર મારી લાશને ગ-૦ પાસે ડીવાઈડર પર ફેંકી દીધી હતી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૬

ત્રણ વર્ષ અગાઉ નવરાત્રી દરમિયાન સે. ૧૭ માં રહેતા યુવાનનું ખૂન કરવાના ચર્ચાસ્પદ હત્યા કેસમાં ગાંધીનગર કોર્ટે આઠ આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૨૬ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ સે. ૧૭માં રહેતા નરેશ ઈન્દ્રવદન ઠાકોરને સે. ૬ માં રહેતા હસમુખભાઈ તથા શૈલેષભાઈ ઠાકોર સાથે ઝઘડો થયો હતો. જેના અંતે સમાધાન થયું હતું. જ્યારે આ ઝઘડાની અદાવત રાખી તા. ૨૯ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ નવરાત્રી દરમિયાન હસમુખાઈનું ઉપરાણુ લઈ તેના મિત્રો પ્રકાશ ઉર્ફે ચીની પકો, શ્રીકાંત બારોટ, કુલદીપ પરમાર તેમજ જુવાનસિંહે નરેશ ઠાકોર સાથે પાછો ઝઘડો કર્યો હતો. આ મામલે પાછુ સમાધાન કરી પાંચેય આરોપીએ નરેશને બાઈક પર બેસાડી સે. ૧૨ના બગીચામાં લઈ ગયા હતા. જ્યાંથી અન્ય આરોપીઓ સાથે મળી નરેશને ગાંધી મંદિર લઈ ગયા હતા. જ્યાં તેને ખૂબ માર માર્યો હતો. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદીને ફોન મારફતે જણાવ્યું હતું કે તારા મિત્રને ખૂબ માર્યો છે. અને ઘ-૧ પાસે ઝાડીમાં મારીને ફેંકી દીધો છે. પરંતુ શોધખોળના અંતે મરણ જનાર નરેશની ભાળ મળી ન હતી. આ દરમિયાન આરોપી શ્રીકાંત બારોટે ફરીયાદીને ફોન કરીને જણાવ્યું હતું કે ઘ-૦ પાસે બે રસ્તા પડે છે ત્યાં તારા મિત્ર નરેશને માર મારી ફેંકી દીધો છે. જ્યાં સ્થળ પર તપાસ કરતા નરેશની લાશ ગ-૦ પાસે સરગાસણ તરફ જવાના માર્ગ પર ડીવાઈડર પરથી મળી આવી હતી. સે. ૭ પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી પ્રકાશ ઉર્ફે ચીનીપકો, જુવાનસિંહ ઉર્ફે બાસુ વિજયસિંહ, કુલદીપ દલાભાઈ પરમાર, બ્રિજેશ ઉર્ફે બીરજુ ભરતભાઈ, પ્રજ્ઞશ સુરેશભાઈ ચાવડા, શ્રીકાંત ઉર્ફે સીકો, સન્ની શંકરલાલ પરમાર તેમજ ગૌરાંગ ઉર્ફે લાલાની ધરપકડ કરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ સેન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ. પંડ્યાએ દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે નાની ઉંમરના યુવાનને સામાન્ય બાબતમાં આરોપીઓએ મોતને ઘાટ ઉતાર્યો છે. જેથી સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા થવી જોઈએ. દલીલો તેમજ પુરાવાઓને ધ્યાનો લઈ જજ રીઝવાના એ. ઘોઘારીએ આ કેસના તમામ આરોપીઓને આજીવન કેદની સજા તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આ કેસમાં ફરીયાદી તરફે વીથ પ્રોસીક્યુસર ધર્મેન્દ્ર એસ. ભાલકીયા હાજર રહ્યા હતા.


Tushar Shah
99246 62499
99247 24101
UNITED INDIA
નેશનલ इन्श्योरेन्स National Insurance
STAR Personal & Caring Health Insurance
The Health Insurance Specialist
The Health Insurance Specialist

સમદર્શન આશ્રમ ગાંધીનગર
આયોજીત
જ્ઞાનયજ્ઞ
વિષય : ભજગોવિંદમ્
પ્રવક્તા : પૂજ્ય ગુરૂમા
તારીખ : ૧૮ ડિસે. થી ૨૫ ડિસે. ૨૦૧૪ ● સમય:સાંજે ૬-૩૦ થી ૮-૦૦ કલાકે
સ્થળ : ખિમજી વસરામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર
સમયસર ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ

PDPU
PANDIT DEEN DAYAL PETROLEUM UNIVERSITY
Raisan, Gandhinagar - 382700
CENTER OF CONTINUING EDUCATION
IAS COACHING (English Medium)
UPSC - Prelims & Main Exam 2015 at affordable fees.
3rd batch from January 2015
For Details Contact
Mobile: 9427613813
Email:cce@pdpu.ac.in
www.pdpu.ac.in
Option - I Prelims
Paper - I General Studies
Paper - II Civil Services Aptitude Test
Option - II Mains
GS Paper-1 Indian Heritage & Calture, History & Geography of the world & Society
GS Paper-2 Governance, Constitutions, Polity, Social Justice and International Relation
GS Paper-3 Technology, Economic Development, Bio Diversity, Environment, Security and Disaster Management
GS Paper-4 Ethics, Integrity and aptitude
Guidance for Essay Paper & Interview
Option - III Prelims + Mains